# મેઘરજ તાલુકાના ગેડ ગામની પીવાના પાણીની ટાંકીની હાલત બદતર

### ટાંકીની આસપાસ વેલા વિંટળાઈ ગયા છે જ્યારે લીલવાળું પાણી પીવાની ગામલોકોને ફરજ પડી રહી છે : નવીન ટાંકી ક્યારે બનશે તેની કાગડોળે રાહ જોવાઈ રહી છે

મેઘરજ, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના અંતરીયાળ ગામડાઓ તરફ તંત્રનું ધ્યાન જતું ન હોવાના પુરાવા સામે આવી રહ્યા છે. કેટલાય ગામોમાં રોડ, પાણી, આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળે છે. ત્યારે મેઘરજ તાલુકાના ગેડ ગામમાં વર્ષો અગાઉ પીવાના પાણીની ટાંકીનું નિર્માણ કરાયું હતું. આ ટાંકી દ્વારા આખા ગામને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. ત્યારે આ ટાંકીની હાલત અત્યારે ખુબ જ બદતર બની ગઈ છે. ટાંકીની આસપાસ વેલા વિંટળાઈ ગયા છે જ્યારે લીલ પણ જામી ગઈ હોવાથી સાફ સફાઈના અભાવે ગંદુ પાણી ગ્રામજનોને મળી રહ્યું છે.



આ અંગે ગામલોકોએ જણાવ્યા મુજબ મેઘરજ તાલુકાના અંતરીયાળ ગેડ ગામમાં વર્ષો અગાઉ ગામલોકોને પીવાનું પાણી પુરુ પાડવા માટે ટાંકી બનાવવામાં આવી હતી. અત્યારે આ ટાંકીની હાલત બદતર બની છે. ટાંકી પરથી પ્લાસ્ટરના પોપડા ઉખડી ગયા છે અને આસપાસમાં વેલાઓથી ટાંકી ઢંકાઈ ગઈ છે. સાથે ટાંકીમાંથી પડતા પાણીને કારણે ટાંકીની આસપાસ તેમજ ટાંકી ઉપર લીલ જામી ગઈ છે જેના કારણે ટાંકીની અંદર સફાઈ કરવી મુશ્કેલ થઈ ગઈ છે. જેના કારણે ટાંકીની અંદર જે પાણી હોય તે જ ગામલોકોને પીવાની ફરજ પડી રહી છે. નવીન ટાંકી બનાવવા માટેની દરખાસ્ત પણ થઈ ગઈ છે ત્યારે સરપંચ મહેન્દ્રભાઈ ખરાડી અને ડે.સરપંચ શૈલેષભાઈ ચમાર દ્વારા નવીન ટાંકી માટે ક્યારે વહીવટી મંજૂરી મળશે તેની રાહ જોવાઈ રહી છે. હાલ તો જૂની ટાંકીમાંથી બિન આરોગ્યપ્રદ પાણી લોકોને મળતાં રોગચાળો ફેલાવાની ભિતિ પણ સેવાઈ રહી છે ત્યારે ઝડપથી નવીન ટાંકી ગામને મળે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# પાલનપુરમાં ઈ સ્ટેમ્પ – ફ્રેન્કીંગ માટે લોકોને ભારે પરેશાની

### સરકારી સ્ટેમ્પ બંધ કરાયા બાદ ઇ સ્ટેમ્પ ફ્રેન્કીંગ માટે વધુ સેન્ટરો શરૂ કરવા માંગ

પાલનપુર

સરકાર દ્વારા તારીખ ૧-૧૦-૨૦૧૯થી પ્રિન્ટેડ સ્ટેમ્પ પેપર બંધ કરી તેની જગ્યા એ નવા ઈ સ્ટેમ્પ વાપરવાના નિર્ણય લેવાયો છે. જોકે, બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર સહિત તાલુકા સેન્ટરોમાં સરકારી સ્ટેમ્પ બંધ કરાયા બાદ ઈ સ્ટેમ્પ માટે પુરતી વ્યવસ્થા કરવામાં ન આવતાં લોકોને ભારે પરેશાની ભોગવવી પડી રહી છે. પાલનપુરમાં જોરાવરપેલેસ સ્થિત કચેરીએ ઈસ્ટેમ્પ મેળવવા માટે લોકો કતારમાં ઉભેલા જોવા મળી રહ્યા છે. ત્યારે ઈસ્ટેમ્પ તેમજ ફ્રેન્કીંગ સેવાઓ માટે સત્વરે વધુ કેન્દ્રો ખોલવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગુજરાતમાં અગાઉ સોગંધનામું, દસ્તાવેજ સહિતની કામગીરી માટે સરકારી પ્રિન્ટેડ સ્ટેમ્પનો ઉપયોગ કરવામાં આવતો હતો. જોકે, સરકારે તારીખ ૧-૧૦-૨૦૧૯થી પ્રિન્ટેડ સ્ટેમ્પ પેપર બંધ કરી તેની જગ્યા એ નવા ઈ સ્ટેમ્પ વાપરવાના નિર્ણય લેવાયો છે. જોકે, બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર સહિત તાલુકા સેન્ટરોમાં સરકારી સ્ટેમ્પ બંધ કરાયા બાદ ઈ સ્ટેમ્પ માટે પુરતી વ્યવસ્થા કરવામાં ન આવતાં લોકોને ભારે પરેશાની ભોગવવી પડી રહી છે. પાલનપુરમાં જોરાવરપેલેસ સ્થિત કચેરીએ ઈસ્ટેમ્પ મેળવવા માટે લોકો કતારમાં ઉભેલા જોવા મળી રહ્યા છે. ત્યારે સત્વરે વધુ કેન્દ્રો ખોલવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

**ફ્રેન્કીંગ- ઇસ્ટેમ્પ માટે ૫૪ કેન્દ્રોને મંજુરી અપાઇ છે**

આ અંગે સૂત્રોએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠામાં નવા ઈ સ્ટેમ્પ માટે તેમજ ફ્રેન્કીંગ કેન્દ્રો શરૂ કરવા માટે કુલ ૧૮૦ અરજીઓ આવી હતી. જે પૈકી ૫૪ કેન્દ્રો શરૂ કરવા માટે મંજુરી અપાઈ છે. જે ટુંક સમયમાં કાર્યરત થયા બાદ લોકોને પડતી મુસ્કેલીઓનો અંત આવશે.

**સ્ટેમ્પ વેન્ડરોએ અગાઉ વિરોધ કર્યો હતો**

બનાસકાંઠા જિલ્લામાં સ્ટેમ્પનું વેચાણ કરતાં વેન્ડરોએ અગાઉ ઈ સ્ટેમ્પનો વિરોધ કરી કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા પ્રિન્ટેડ સ્ટેમ્પ પેપર બંધ કરી પ્રાઈવેટીકરણ કરી તેની જગ્યા એ નવા ઈ સ્ટેમ્પ વાપરવાના નિર્ણય સામે વાંધો છે. જેમાં રૂપિયા ૨૦નો સ્ટેમ્પ છાપવા માટે રૂપિયા ૧૫નો ખર્ચ થાય તે હકીકત ખોટી છે. ૧૦૦૦ સ્ટેમ્પ છાપવા માટેનો ખર્ચ રૂપિયા ૧૫૦ થાય છે. જ્યારે નવા ઈ સ્ટેમ્પ ૧ પ્રિન્ટ કરાવવામાં રૂપિયા ૧૫ થાય છે.

# ધાનેરા વિસ્તારમાં શંકાસ્પદ ડેપ્થેરિયાના રોગમાં ૨૭ બાળકો સપડાયા : પાંચના મોત

### આરોગ્ય તંત્રના ધાનેરામાં ધામા : ૩૨ ટિમો બનાવી કામગીરી હાથ ધરાઈ : તાલુકા હેલ્થ ઓફિસર ધાનેરા

ધાનેરા વિસ્તારમાં શંકાસ્પદ ડેપ્થેરિયાના રોગથી પાંચ બાળકોના મોત નિપજ્યા છે ત્યારે આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે અને ધાનેરા વિસ્તારમાં ૩૨ જેટલી ટીમ લગાવી કામગીરી હાથ ધરવામાં આવે છે.



ડેપ્થેરિયા નામના રોગથી ધાનેરા વિસ્તારના લોકો ભયભીત બન્યા છે ત્યારે ધાનેરા વિસ્તારમાં ડેરીયા નામના રોગે માથું ઉચક્યું છે છે જેમાં ૨૭ બાળકો આ રોગના ભરડામાં સપડાયા છે જેમાંથી પાંચ બાળકોના મોત નિપજ્યા છે તો ૧૫ જેટલા બાળકો સારવાર હેઠળ છે અને સાત બાળકોની તબિયતમાં સુધારો જણાતાં તેમને ઘરે મોકલવામાં આવ્યા છે ડેપ્થેરિયા નામના રોગે ધાનેરા વિસ્તારમાં હાહાકાર મચાવી દીધો છે ત્યારે આરોગ્ય તંત્ર પણ દોડતું થયું છે અને ધાનેરા વિસ્તારમાં ૩૨ જેટલી ટીમો બનાવી ગામમાં સર્વે હાથ ધરવામાં આવી છે અને બાળકોને રસીકરણ કરવામાં આવી રહી છે તે ડેપ્થેરિયા નામનો રોગ જે બાળકોના ભોગ લઈ રહી છે તેને લઈ બાળકોના વાલીઓ માં પણ ભારે ભય જોવા મળી રહ્યો છે ત્યારે આ રોગને તાત્કાલિક કાબુ મેળવવા માટે ગાંધીનગર આરોગ્ય ખાતાના અધિકારી બનાસકાંઠા જિલ્લાના આરોગ્ય અધિકારી અને ધાનેરા આરોગ્ય અધિકારી દ્વારા વિવિધ ટીમો બનાવી સરવે હાથ ધરવામાં આવી છે અને દરેક ગામોમાં જઈ બાળકોને રસીકરણ કરવામાં આવી રહી છે અને જે વિસ્તારમાં રોગ છે તે વિસ્તારના બાળકોને વિવિધ દવાઓ આપવામાં આવી રહી છે.

### જીએસટી અને આઈટી વિભાગના દરોડાને પગલે

# બાયડ બેઠકના અપક્ષ ઉમેદવારની દીકરીને માનસિક અસર, આવેદનપત્ર આપ્યુ

બાયડ, તા. ૧૭

બાયડ વિધાનસભા બેઠક પેટા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર રાજુભાઈ ખાંટના ઔધોગિક એકમ અને અમદાવાદ ખાતેના રહેઠાણ સ્થળે જીએસટી અને આઈટી વિભાગના દરોડા પડ્યા હતા. ઓફિસ અને ઔધોગિક એકમને સીલ કરી દેતા અને ઓફિસ બહાર સિક્યુરિટી મૂકી દેતા તેમના ધંધામાં ભારે નુકશાન જવાની સાથે ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી દિકરીને પણ હેરાનગતિ થઈ રહી હોવાથી બાયડ પ્રાંત અધિકારીને આવેદપત્ર આપી રજુઆત કરી હતી. શનિવારે જીએસટી વિભાગે ઔધોગિક એકમ પર અને આઈટી વિભાગે ઓફિસ પર દરોડા પાડ્યા પછી ઓફિસ અને ઔધોગિક એકમ સીલ કરી દીધા પછી કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવી હોવાનું અને રાજકીય કિન્નાખોરીના પગલે દરોડા પાડવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.



અપક્ષ ઉમેદવાર રાજુ ભાઈ ખાંટની ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલી લક્ષ્મી ટેકસટાઈલ નામના ઔધોગિક એકમ પર ગત શનિવારે રજાના દિવસે જીએસટી ટીમે દરોડો પાડ્યા હતા તેમના રહેઠાણ વસ્ત્રાલમાં આઈટી ત્રાટકી બેનામી હિસાબ અને સંપત્તિની તપાસ હાથ ધરી હતી. દરોડા પાડવામાં આવ્યા તે સમયે બાયડ વિધાનસભા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવનાર રાજુભાઈ ખાંટે જણાવ્યું હતું કે, રાજકીય કિન્નાખોરીના ભાગ રૂપે જીએસટી અને આઈટી વિભાગના દરોડા પાડવામાં આવ્યા છે. વિધાનસભામાં ઉમેદવારી કરતા હું ઉમેદવારમાંથી બહાર નીકળવા માટે અને ફોર્મ પરત ખેંચવા માટે ઘણા બધા પેતરા કરવામાં આવ્યા હતા અને ધાક ધમકી અને લોભ લાલચ આપવામાં આવી હતી. બંને પાર્ટીઓએ અનેક ધમપછાડા કર્યા હતા અપક્ષ ઉમેદવારી પરત કરવા માટે પણ હું ફક્ત ને ફક્ત સમાજના અને બીકેટીએસના અવાજથી ચૂંટણી લડી રહ્યો છું અને મને હંફાવવા ગમે તેટલા પ્રયત્નો થશે પણ હું જંગ જીતીને રહીશ તેમ જણાવ્યું હતું.

બુધવારના રોજ રાજુભાઈ ખાંટે બાયડ તાલુકાના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું જેમાં જણાવાયું હતું કે તંત્ર દ્વારા દરોડા પાડીને રહેઠાણને સીલ કરવાને પગલે ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી મારી દિકરીને પણ હેરાનગતિ થઈ રહી છે. સાથે મારા ધંધા રોજગાર પર પણ અસર થઈ છે. રેડ દરમિયાન મારી ઓફિસ, સોસાયટી ઓફિસને સીલ કરવામાં આવી છે. જ્યારે અધિકારીઓ દ્વારા રજા સિવાયના સોમવારે આવવાનું કહી હજુ સુધી ફરક્યા નથી તો મારા ધંધા તેમજ અન્ય વ્યવહારો પર ખોટી અસરો પડતી હોવાથી યોગ્ય કરવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## ડીસામાં ચોરીના બાઈક સાથે રાજસ્થાની યુવક ઝડપાયો

ડીસા, તા. ૧૭

ડીસા ઉત્તર પોલીસે ભરચક ગાયત્રી મંદિર વિસ્તારમાંથી શકના આધારે એક બાઈક ચોરને આબાદ ઝડપી પાડ્યો હતો.

પેટ્રોલિંગમાં દરમિયાન એક ઈસમ શંકાસ્પદ હાલતમાં ડીસા ગાયત્રી મંદિર તરફથી મો.સા. લઈ આવતો હોઈ તેને મો.સા. ઉભું રાખવા ઈશારો કરતા તેણે મો.સા. એકદમ બ્રેક કરી લીધેલ અને પોલીસને જોઈ પાછું વાળી પોતાની હાજરી છુપાવવાની કોશિષ કરેલ. જે મો.સા. ચાલક શંકાસ્પદ જણાતા ચાલક પાસે જઈ તેના નામ સરનામું અને મો.સા.ના કાગળો માંગતા પોતાનું નામ જણાવવા ગલ્લાતલ્લા કરી મો.સા.ના કાગળો પણ પોતાની પાસે નહીં હોવાનું જણાવેલ. જેથી તેની પાસેના મોટર સાઈકલ ચોરી કે છળકપટથી લાવેલ હોવાનો શક જતાં પલ્સર મોટર સાયકલ ૧૮૦ સીસીના આરોપી રામનિવાસ બુદ્ધારામ જાતે-બિસનોઈ(રહે. લાલજી કી. ડુંગરી, તા. ચિતલવાના જિલ્લો-જાલોર (રાજસ્થાન)ની વધુ પૂછપરછ કરતાં તેણે સદરહું મો.સા. સુરત ઉધનાથી ચોરેલ હોવાનું જણાવ્યું હતું.





## ધી ન્યૂ પ્રોગ્રેસિવ બી.એડ. કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ઓ.એન.જી.સી. મહેસાણાની વીઝીલન્સ સપ્તાહ ઉપક્રમે ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણામાં ‘ઈમાનદારી એક જીવન શૈલી’ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ જેમાં દેબીશકુમાર (જનરલ મેનેજર વીઝીલન્સ), બી.એસ. રાજપુત, જનરલ મેનેજર તથા આર.એમ. વોરા (મેનેજર એચ.આર.) તથા પ્રિ. ડૉ. એમ.કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કુલ પંદર તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમા પ્રથમ ક્રમે રોહિત આર. પ્રજાપતિ આવ્યા હતા. આ પ્રત્યેકને અનુક્રમે રૂ. ૧૫૦૦, ૧૦૦૦, ૭૫૦ અને ૫૦૦ રૂપિયાનું રોકડ ઈનામ ઓ.એન.જી.સી. મહેસાણા તરફથી એનાયત કરવામાં આવ્યા હતા.

## માતા અને પુત્રનો આપઘાતનો પ્રયાસ

શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં સ્વામિનારાયણ પાર્ક વિભાગ-૪માં આજે માતા અને પુત્રએ અલગ અલગ રૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ બનાવમાં પુત્રનું મોત નીપજયુ હતુ, જ્યારે માતા હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પુત્રના મોતને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. પુત્રને દેવું થઈ જતાં તેણે આપઘાત કર્યો હોવાની વાત સામે આવી રહી છે. જ્યારે માતાએ ક્યાં કારણસર આપઘાતનો પ્રયાસ કર્યો તે હજુ સુધી તપાસમાં સ્પષ્ટ થયું નથી પરંતુ પોલીસે માતાના કેસમાં સાચુ કારણ જાણવાની દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## અનુપમ સિનેમા પાસે ગાંજા સાથે પિતા-પુત્રની ધરપકડ

અમદાવાદ, તા.૧૭

એસઓજી ક્રાઈમ બ્રાન્ચની ટીમે શહેરના ખોખરા અનુપમ સિનેમા પાસેથી ગાંજાના જથ્થા સાથે આરોપી પિતા-પુત્રને ઝડપી લેતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી તેમની વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. રીક્ષા ડ્રાઈવીંગની આડમાં બંને પિતા -પુત્ર ગાંજાનું વેચાણ કરતા હતા.

# રેલવેની હદમાં બનાવાયેલ પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીનું મકાન તોડી પડાશે

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગરના પાંચબત્તી વિસ્તારમાં ચાર રસ્તા પર રેલવેની હદમાં વર્ષો અગાઉ ચાલતી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીનું મકાન અત્યારે બિનઉપયોગી અને બિસ્માર બની ગયું છે. દરમ્યાન રેલવેની જમીનમાં અગાઉ બનાવાયેલુ આ મકાન અત્યારે નડતરરૂપ હોવાથી તાજેતરમાં સાબરકાંઠાના સાંસદે એક જાહેર કાર્યક્રમમાં પ્રાંત અધિકારીને આ મકાન તોડી પાડવા માટે કાર્યવાહી કરવા અપીલ કરી હતી. જેથી ઉચ્ચ કક્ષાએથી મંજુરી મળ્યા બાદ આ મકાન દૂર કરાશે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી વ્યાસ સાથે થયેલી વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષો અગાઉ પાંચબત્તી વિસ્તારમાં ફાટક નજીક બનાવાયેલ સરકારી ઈમારતમાં પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી ચાલતી હતી. તે સમયે રેલવેનુ આધુનિકરણ થયુ ન હતુ. પરંતુ સમય જતા અમદાવાદથી ઉદેપુર વચ્ચેનો ટ્રેક બ્રોડગેજમાં રૂપાંતર કરાતા તમામ રેલવે સ્ટેશનો અદ્યતન અને વિશાળ બન્યા છે. દરમ્યાન દુર્ગા ફાટક તરીકે ઓળખાતા આ ફાટક પાસેનુ સરકારી મકાન રેલવેની હદમાં આવેલુ હોવાથી તેને દૂર કરવુ અનિવાર્ય બન્યુ છે.

જો કે સ્થાનિક તંત્રએ ચોમાસા અગાઉ શહેરના જર્જરીત મકાનોને ઉતારી લેવા માટે કાર્યવાહી કરી હતી. પરંતુ શિક્ષણ વિભાગના તાબામાં આવતી આ ઈમારત દૂર કરવા માટે રાજ્યના શિક્ષણ વિભાગના અગ્ર સચિવની મંજુરી જરૂરી ગણવામાં આવે છે. જેથી બે માસ અગાઉ જિલ્લા પ્રાથમિક કચેરી દ્વારા બે માસ અગાઉ ઉચ્ચ કક્ષાએથી કાર્યવાહી કરવા માટે માર્ગદર્શન માંગવામાં આવ્યું છે. જોકે આ અંગે પ્રાંત અધિકારી ચૌધરીએ જણાવ્યું હતું કે તાજેતરમાં હિંમતનગર રેલવે સ્ટેશન ખાતે ટ્રેનના શુભારંભ પ્રસંગે યોજાયેલા જાહેર કાર્યક્રમમાં રેલવેના આધુનિકરણ માટે નડતરરૂપ આ સરકાર મકાન દૂર કરવા માટે કરેલી અપીલ બાદ સંલગ્ન વિભાગમાં ઝડપી કાર્યવાહી કરવા તાકીદ કરાઈ છે.

તો બીજી તરફ જીલ્લા કલેક્ટરે પણ ખાસ રસ દાખવીને જિલ્લા શિક્ષણાધિકારી સાથે ચર્ચા કર્યા બાદ રાજ્યના શિક્ષણ વિભાગના અગ્રસચિવને હકારાત્મક કાર્યવાહી કરવા માટે કરેલા પ્રયાસો બાદ શક્યતઃ દિવાળી પછી આ ઈમારતને દૂર કરવા કાર્યવાહી થશે. સાંસદે પ્રાંત અધિકારીને રેલવેની હદમાં આવેલ એક ધાર્મિક સ્થળનુ દબાણ દૂર કરવા માટે કરેલા અનુરોધ બાદ તંત્રના અધિકારીઓએ તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કરી દીધા છે.

## યાત્રી વિમાનને

● અનુસંધાન પહેલાનું ચાલુ

એરસ્પેશમાં આશરે એક કલાક સુધી ઘેરીને રાખ્યું હતું. પાયલોટને ઉંચાઈ ઓછી રાખવા માટે પણ કહેવામાં આવ્યું હતું. સ્પાઈસ જેટની આ ફ્લાઈટને પાકિસ્તાનના એફ-૧૬ વિમાનોએ ઘેરી લીધું હતું. પાયલોટને ઉંચાઈ ઘટાડી દઈને તેની પાસેથી ફ્લાઈટની વિગતો માંગવામાં આવી હતી. આ ઘટના ૨૩મી સપ્ટેમ્બરના દિવસે થઈ હતી.

સ્પાઈસ જેટની એસજી-૨૧ ફ્લાઈટ દિલ્હીથી કાબૂલ ઉડાણ પર હતી અને વિમાનમાં ૧૨૦ યાત્રીઓ હતા. આ ઘટના બની ત્યારે પાકિસ્તાની એરસ્પેશને ભારત માટે બંધ કરવામાં આવ્યું ન હતું. સુત્રોએ કહ્યું છે કે, ભારતીય વિમાનના પાયલોટને એફ-૧૬ વિમાનના પાયલોટને કહેવામાં આવ્યું છે કે, આ સ્પાઈસ જેટની કોમર્શિયલ ફ્લાઈટ છે અને આમા રહેલા યાત્રી કાબૂલ જઈ રહ્યા છે. જ્યારે પાકિસ્તાની યુદ્ધ વિમાનોએ ભારતીય વિમાનને ઘેરી લીધું ત્યારે એફ-૧૬ વિમાનને યાત્રીઓએ પણ નિહાળ્યું હતું.

## સુભાષબ્રિજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસથી ૨૦ દિવસ માટે સુભાષબ્રિજ વાહન-વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રખાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બ્રિજના એક્સપાન્શન જોઈન્ટ અને બેરિંગ બદલવાની કામગીરી કરવામાં આવશે. જેથી ટૂંક સમયમાં અમદાવાદ મ્યૂનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ પ્રકારના વાહનોને વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવો પડશે.

વર્ષ ૧૯૬૨માં બનેલા સાબરમતી નદી પરના સુભાષબ્રિજનાં એક્સપાન્શન ગેપ પહોળા થઈ ગયા છે. બ્રિજના ઉપરના ભાગમાં મોટી તિરાડ પડી છે. આ તિરાડ વાહનચાલકો માટે ભયજનક બની છે. બેરીગ જૂની થઈ ગઈ છે. તંત્રના એક સર્વે મુજબ સુભાષબ્રિજના નાના-મોટા બેરિંગની પોઝિશન બદલાઈ હોઈ ૪૦ મીમીનો એક્સપાન્શન ગેપ વધીને ૬૦ મીમીથી વધુ થઈ ગયો છે.

## એન્જિન નિષ્ફળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સિંહે કહ્યુ હતુ કે અલબત્ત જે રીતે બિલને લાગુ કરવામાં આવ્યુ છે અમે નો વિરોધ કરી રહ્યા છીએ. મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારમાં હાલમાં કલમ ૩૭૦નો મુદ્દા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરદાર રીતે ઉઠાવી રહ્યા છે. બીડમાં એક સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કલમ ૩૭૦ના મામલે કેન્દ્ર બાજુ કેન્દ્ર સરકારની પ્રશંસા કરી હતી. સાથે સાથે નિર્ણયનો વિરોધ કરનાર રાજકીય નેતાઓની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યુ હતુ કે કલમ ૩૭૦ દુર કરવામાં આવ્યા બાદ એક કોંગ્રેસી નેતાએ કહ્યુ હતુ કે કલમ ૩૭૦ની નાબુદી બાદ દેશ બરબાદ થઈ જશે. ત્રણ મહિનાનો ગાળો થઈ ગયો છે પરંતુ દેશમાં આવી કોઈ બરબાદી આવી નથી. તેમણે કહ્યુ હતુ કે અમને પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર બનવા માટે ૧૦થી ૧૨ ટકાના ગ્રોથ રેટ સાથે આગળ વધવાની જરૂર છે. જો કે ભાજપના શાસન કાળમાં દર વર્ષે વિકાસનો દર તો નીચે પહોચી રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે આઈએમએફે કહ્યુ છે કે આ વર્ષે ભારતનો વિકાસ દર કેટલાક મહિના પહેલા લગાવવામાં આવેલા ૭.૩ ટકાના અંદાજ કરતા માત્ર ૬.૧ ટકા રહી જશે. દર વર્ષે નીચે જઈ રહેલા વિકાસ દરના કારણે તેઓ માને છેકે વર્ષ ૨૦૨૪ સુધી અમારી અર્થવ્યવસ્થા પાંચ ટ્રિલિયન ડોલરના લક્ષ્યાંકને પહોંચી શકશે નહીં. મનમોહન સિંહે આજે મોદી સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કરે ભાજપ દ્વારા વોટ મેળવી લેવા માટે કરવામાં આવેલા ડબલ એન્જિનનુ વચન સંપૂર્ણ રીતે ફ્લોપ છે. મહારાષ્ટ્ર હાલમાં ગંભીર આર્થિક સંકટ હેઠળ છે. મનમોહનસિંહે પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે સુશાસન માટેના ખુબ લોકપ્રિય ડબલ એન્ન મોડલ ફ્લોપ છે. જેના પર ભાજપે વોટ મેળવ્યા હતા. મહારાષ્ટ્રમાં સતત ચોથા વર્ષમાં નિર્માણની ગતિ ઓછી રહી છે. પીએમસી કોંભાડના સંબંધમાં તેમણે કહ્યુ હતુ કે આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના તરીકે છે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન અને દેશના વડાપ્રધાન આ મામલે ધ્યાન આપે તેમ તેઓ ઈચ્છે છે.

## ભારતની સેના

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રરક્ષા માટે લેવામાં પગલાનો પણ વિરોધ કરી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં અમારી સરકારે ભારતની સેનાને દુનિયાની તાકાતવર સેનાની શ્રેણીમાં મુકી દીધી છે. એનસીપી અને કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, આ બંને પક્ષોની રાજકીય સ્થિતિ વિભાજિત કરીને શાસન કરવાની રહેલી છે. બંને પક્ષોના કાર્યકરો એકબીજાને પછાડવા માટે કામ કરી રહ્યા છે. બંને પાર્ટીઓ એકબીજાને તેમની તાકાત દર્શાવવા માટે ચાલ રમી રહ્યા છે. કાર્યકરો અને ગઠબંધનમાં વિભાજન છે તો મહારાષ્ટ્રને કઈરીતે એક કરી શકે છે. છત્રપતિ શિવાજીના આવા ક્યારે કોઈ સંસ્કાર ન હતા. પોતાની સરકારની પ્રશંસા કરતા તેમણે કહ્યું હતું કે, સબકા સાથ સબકા વિકાસ આને અમે શાસનના મહામંત્ર બનાવીને આગળ વધી

રહ્યા છે. આમા તમામની ભાગીદારીની ખાતરી કરવામાં આવી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે હજારો કરોડના પ્રોજેક્ટો અહીં આપ્યા છે. પહેલા વિકાસના નામ ઉપર શું થતું હતું તે તમામ લોકો જાણે છે. છેલ્લા પાંચ વર્ષથી મહાગઠબંધનની સરકારે કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજના સંસ્કારો મુજબ કામ કર્યું છે. આ ગાળા દરમિયાન અમે રાષ્ટ્રરક્ષા અને રાષ્ટ્રવાદને પ્રાથમિકતા આપી રહ્યા છે.

## અન્ય મુદ્દા પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાનની સરહદની અંદર જ ઘણા એવા મુદ્દા છે જે ખુબ જટિલ છે અને આ સમસ્યાનો ઉકેલ જરૂરી છે. જો પાકિસ્તાન આતંકના રસ્તા પર આગળ વધશે તો વિનાશ નિશ્ચિત છે. જો પાકિસ્તાન હવે સાવધાન નહીં થાય તો ૧૯૭૧ની જેમ જ સ્થિતિ બની શકે છે. એ વખતે બાંગ્લાદેશનું નિર્માણ થયું હતું. આતંકવાદના રસ્તા પર તેને પોતાને નુકસાન થઈ રહ્યું છે. સંરક્ષણમંત્રીએ કહ્યું હતું કે, રાફેલ ડિલને લઈને પણ બિનજરૂરી હોબાળો વિરોધ પક્ષોએ કરવો જોઈએ નહીં. વિપક્ષના આક્ષેપોને ફગાવતા તેમણે કહ્યું હતું કે, લોકોએ પુરા વિશ્વાસ સાથે ભાજપને બીજી વખત પ્રચંડ બહુમતિ આપી છે. સંરક્ષણ ક્ષેત્રમાં સરકારી કંપનીઓની મોટી હિસ્સેદારી છે પરંતુ પ્રાઈવેટ કંપનીઓની હિસ્સેદારી વધી રહી છે. દેશના કુલ ડિફેન્સ પ્રોડક્શનમાં પ્રાઈવેટ સેકટરની હિસ્સેદારી હવે ૨૦ ટકાથી વધારે થઈ ગઈ છે. આવનાર સમયમાં તેમાં વધુ ઉમેરો

થશે. રાજનાથસિંહે કહ્યું હતું કે, અમારા લક્ષ્ય સેનાઓને દેશમાં રિસર્ચ સાથે બનેલા સંશાધનોથી સુસજ્જ બનાવવાના છે. અનેક પ્રાઈવેટ કંપનીઓ હવે ગ્લોબલ સપ્લાય ચેઈનમાં સામેલ છે. નવી ટેકનોલોજીના ઉપયોગથી ઈન્ડસ્ટ્રીની સાથે પાર્ટનરશીપમાં પ્રોડક્શન કરવામાં આવશે.

# જિલ્લાની ૫૧૮ દિનદયાલ ભંડારોનુ સર્વર ખોટકાતા કાર્ડધારકો પરેશાન

હિંમતનગર, તા. ૧૭

રાજ્યના પુરવઠા નિગમ દ્વારા તમામ દિનદયાલ ભંડારો (સસ્તા અનાજની દુકાનો) માટે ઘણા સમયથી અનાજ તથા અન્ય જીવન જરૂરીયાતવાળી ચીજવસ્તુઓનું ગ્રાહકોને દર મહીને વિતરણ કરવા માટે ઓનલાઈનથી સાંકળી લેવામાં આવ્યા છે. ત્યારે અત્યારે દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે પરંતુ ઓક્ટોબર મહીનાનો જથ્થો વિતરણ કરવા માટેના ઓનલાઈન સર્વર ચાર દિવસથી ખોટકાઈ જતા ૫૧૮ સસ્તા અનાજની દુકાનોના કાર્ડધારકો પરેશાન થઈ રહ્યા છે. જો કે તે અંગે ઈન્ચાર્જ પુરવઠા અધિકારીએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં આવેલી અંદાજે ૫૧૮ સસ્તા અનાજની દુકાનો મારફતે લાખ્ખો એપીએલ, બીપીએલ અને ગરીબી રેખા નીચે આવતા લાખો કાર્ડધારકોને દર મહીને સસ્તા અનાજની દુકાનોમાંથી ખૂબજ ઓછા ભાવે ઘઉં, ચોખા, કેરોસીન તથા ખાંડ, તેલ, મીઠુ, દાળનું વિતરણ કરવામાં આવે છે જેના માટે દર મહીને વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો કાર્ડધારકનો અંગુઠો લઈને અનાજની કુપન ઓનલાઈન કોમ્પ્યુટરની મદદથી કાઢ્યા બાદ જથ્થો આપવાનો નિયમ છે. પરંતુ છેલ્લા ચાર દિવસથી સાબરકાંઠા જિલ્લાની ૫૧૮ દુકાનોના ઓનલાઈન સર્વર ટેકનીકલ ખામીને લીધે ખોટકાઈ ગયા છે. જેથી સંચાલકોના ગોડાઉનોમાં પુરવઠા નિગમે આપેલ જથ્થો કાર્ડધારકોને વિતરણ કરી શકતા નથી.

ઉલ્લેખનીય છે કે થોડા જ દિવસોમાં દિવાળીના તહેવારો ચાલુ થવાના છે ત્યારે જિલ્લાના અનેક કાર્ડધારકોને ઓક્ટોબર મહીનાનો અનાજ તથા અન્ય ચીજોનો જથ્થો નહી મળે તો તેમના માટે તહેવારોની ઉજવણી કરવાનું સ્વપ્ન રોળાઈ જવાની શક્યતા છે ત્યારે ઉચ્ચ અધિકારીઓએ સત્વરે નિર્ણય લઈને કાર્ડધારકોને ઓફલાઈન મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવાની માંગ ઉઠવા પામી છે.